# આજે વિશ્વ સંગીત દિન: સંગીતને જીવનનો ભાગ બનાવીએ

## દરરોજ લગભગ ૨૦ મિનિટ મનપસંદ સંગીત સાંભળવાથી ઘણા બધા રોગથી દૂર રહી શકાય છે

●●●



સંગીત એ કુદરતે આપેલી એક અદ્‌ભૂત-અણમોલ ભેટ છે. જેને એનો રંગ લાગ્યો એ ભાગ્યશાળી છે. એનાથી તાજગી તો આવે જ પણ જો સારી સમજ કેળવાય તો એ મેડીટેશનનો પર્યાય પણ બને. સંગીતથી કેટલાક રોગોમાં સહાય થાય એવા પ્રયોગો પણ થયા છે. વ્યક્તિગત રીતે હું વર્ષો થી દરરોજ સવાર લગભગ દોઢ કલાક સાંભળું છું. મુખ્યત્વે સુગમ સંગીત અને કલાસીકલ જે દિવસભર તાજગી બક્ષે છે. દરેક સ્કુલ-કોલેજ માં સંગીત શિક્ષણ હોવું જોઈએ. શિવરંજની સંસ્થાએ વિશ્વ સંગીતદિને સવારે ૮.૦૦ વાગે લાઈવ કાર્યક્રમો ગ-૨ સર્કલ ઉપર પાંચ વર્ષો સુધી કર્યા છે.

**- વાગ્મિન બૂચ, પ્રમુખ, શિવરંજની, ગાંધીનગર**

●●●



'સંગીત મારા જીવન નો એક મહત્વનો ભાગ છે મારું અવિભાજ્ય અંગ છે સવારે ઉઠું તો ભજન સાથે ઉઠું છું સાંજે સૂવું તો ગજલ સાથે સૂવું છું એ મને સ્ટ્રેસ ઓછો કરવામાં મદદ કરે છે. સંગીતને જીવનમાં એક ભાગ બનાવવો જોઈએ મારી પાસે બે જ મૂડી છે 'સંગીત અને લેખન વાંચન'. હું હંમેશા ઓફિસથી નીકળું કે ક્યાંય પણ બહાર જાઉં તો સંગીત સાંભળવું મને ગમે છે કામની સાથે સાથે સંગીત ચાલુ હોય તો માઈન્ડ ફ્રેશ રહે છે. એના કારણે જીવનમાં એક રિધમ આવે છે. સંગીત એવું વણાઈ જાય છે કે તમારું જીવન તાલબદ્ધ અને લયબદ્ધ થઈ જાય છે સવારે ઉઠું ત્યારથી સાંજ સુધી સતત ભીગોવાય છે.'

**- હિરેન ભટ્ટ**

●●●



શાસ્ત્રીય સંગીતનું જ્ઞાન મારા સ્વ. ગુરૂજી પાસેથી ગુરૂ-શિષ્ય પરંપરા દ્વારા સન ૧૯૭૫ થી ૧૯૮૯ સુધી મેળવ્યા બાદ શ્રી અરવિંદ કેન્દ્ર, સેકટર-૨૩, ગાંધીનગર માં ૧૯૯૫થી આજ દિન સુધી દરરોજ ના ત્રણ કલાકના સંગીત કલાસ દરમિયાન એક નિયમિત સહજ સાધના બની રહી છે. 'વિદ્યાર્થીઓને જ્ઞાન આપવાથી જ્ઞાનમાં વધારો થાય જ છે' એ ઉક્તિ મારા જીવન માં એકદમ સત્ય બની રહીને સંગીતના ઘણા રહસ્યો ને અનુભવી શકાયું છે.

સંગીતની આ પ્રવૃત્તિના કારણે ઘણા બધા સુજ્ઞ વ્યક્તિઓના પરિચયમાં આવવાનું થયું. સંગીતના કારણે જીવનમાં એક નિજાનંદની ભાવના અનુભવાય છે. જીવનમાં સંવાદિતા અને લયબદ્ધતા જોવા મળે છે. જીવનમાં એકલતા, નિરાશા કદી અનુભવાતી નથી. જીવનમાં આવતી મુશ્કેલીઓ અને સમસ્યાઓનો સહજ ઉકેલ મળી આવે છે.

**- પિનાકિન વ્યાસ**

●●●



સંગીતની સાધના એ એક પ્રકારે ધ્યાન (meditation)માં બેસવા બરોબર છે. તમારા મનને અંદરથી પ્રફુલ્લિત રાખવુ હોય તો અવશ્ય સંગીતને તમારા જીવનનો ભાગ બનાવવુ જોઈએ.

મારા જીવનમાં સંગીત મારા માટે સર્વસ્વ છે. આજે હું જે કાંઈ પણ છુ એ સંગીતની જ દેણ છે, આપ સૌને પણ સંગીત દિવસની શુભકામના, આપનો દિવસ સૂરમઈ રહે

**- જયસિંહ ગઢવી, સિંગર**

●●●



'સંગીત મન કો પંખ લગાએ, ગીતો સે રીમઝીમ રસ બરસાયેં...' સંગીત એ મનને ભાવ જગતમાં લઈ જાય છે. નાનપણથી જ ગીતો સાંભળવાનો શોખ હતો. આકાશવાણી પર ગીત વાગે એની દસ સેકન્ડમાં ગાયક, ગીતકાર અને સંગીતકારનું નામ કહી દઉં એટલો કાનસેન હતો. તબલાં વાદન શીખ્યા પછી શાસ્ત્રીય સંગીત આધારિત ફિલ્મ ગીતોમાં વધુ રસ પડ્યો. આજે પણ રોજ રાત્રે બેત્રણ ગીત સાંભળીને જ દિવસની પૂર્ણાહુતિ કરું છું. આજે વિશ્વ સંગીત દિવસ છે એટલે આપણે સૌ ઊજવણી કરીએ પણ સંગીત તો બાળકના રૂદનથી મરણના છાજિયાં સુધી અને હાલરડાંથી લઈ અંતિમ વિદાય સુધી સમાયેલું છે. આપણી આસપાસ સંગીત જ સંગીત છે, સંગીત વગરની દુનિયાની કલ્પના જ શક્ય નથી. છેલ્લે એક ગીતની પંક્તિ સાથે વિશ્વ સંગીત દિવસની શુભકામનાઓ. 'તેરે સૂર ઔર મેરે ગીત, દોનો મિલકર બનેગી પ્રિત...'

**- સંજય થોરાત, અધ્યક્ષ - ગાંધીનગર સાહિત્યસભા**

●●●

સંગીતની વાત કરું તો સંગીત એ મારો શ્વાસ છે..હું મારા જીવન ને સંગીત વગર કલ્પીના શકું...ખરેખર તો આખા બ્રહ્માંડને જ સંગીત વગર કલ્પીના શકાય....તમને સંભળાતો દરેક ધ્વનિ એક ચોક્કસ લયમાં ચાલતો હોય છે ... એ પછી કોયલ નો સુમધુર ટહુકો હોય, બાળકની કિલકારી હોય કે પછી રેલગાડી નો અવાજ જ કેમ ના હોય....બધું જ સ્વરબદ્ધ અને લયબદ્ધ...આખી પ્રકૃતિ.....એટલે



સંગીત ની સાધના એક ગાયક અને સંગીત કમ્પોઝર તરીકે મારા માટે તો બહુ જ મહતત્વપૂર્ણ છે.

સંગીતનું મારા જીવનમાં એટલું જ મહત્વ છે જેટલું એક બાળકને પોતાની માં નું મહત્વ હોય...એક સ્ટેજ પરફોર્મર હોવાના નાતે મારે સતત રિયાઝ, સતત કંઈક નવું કરવું, એના માટેની થોટ પ્રોસેસ આ બધું જ મારી રોજિંદી ક્રિયાઓમાં વણાયેલું છે....એટલે સંગીત ના ફાયદા તો ગણી ના શકાય એટલા છે ...સંગીત તમને ક્યાંય એકલતાના અનુભવવા દે....સંગીત તમને ફ્રસ્ટ્રેશન અને ગુસ્સાથી દૂર રાખે ...મેડિકલ ક્ષેત્રે તો દર્દીઓને સાજા કરવા મ્યુઝિક થેરાપીનો પણ ઉપયોગ થતો હોવાની વાત તમે બધા એ સાંભળી હશે . ટુંકમાં 'જળ એ જ જીવન છે'.... વાળી વાત સંગીત ને પણ લાગુ પડે છે....'સંગીત છે તો જીવન છ'.

**- હિમાંશુ બારોટ, પ્રોફેશનલ ગાયક, ગીતકાર અને કમ્પોઝર**

●●●

સંગીત તો વિશ્વમાં મોટા ભાગના લોકોને પ્રિય હોય છે. સંગીત માનવીના હદયને તન, મનને ડોલાવી નાખે છે. તાનસેન, બૈજુ બાવરા, તાનારીરી જુના જમાનાના મહાન સંગીતકાર હતા. સંગીતમાં અને રાગ મલ્હારમાં એ તાકાત છે વરસાદ ને આવવું પડે. અમુક રાગ તો એવા પણ છે કે જે ગાવાથી ભગવાનની મૂર્તિ માંથી પણ અશ્રુ વહે. હાલના પિકચર કરતા જુના જમાનાના પિક્ચરના ગીતો તેના લયબદ્ધ સંગીતને કારણે આજે પણ નાના મોટા સૌને સાંભળવા ગમે છે. તે ગીત/સંગીત ક્યારેય વિસરાશે નહીં. સંગીતકાર બનાતુ નથી. તેના સંસ્કાર જન્મ જાત અને ગળથૂથીમાં હોય છે. જગતનો શ્રેષ્ઠ કલાકાર નર્તન હોય તો તે માખણચોર કનૈયો છે. સંગીતની દુનિયામાં શાસ્ત્રીય સંગીતની તાકાત અનેરી છે.



**- ચંદ્રકાંત સોની, ઉપપ્રમુખ ગાંધીનગર વસાહત મહાસંઘ ગાંધીનગર**

### પવનના સુસવાટા, વૃક્ષની ડાળીઓ, સાગરનાં સુસવાટા, પક્ષીઓનાં ગીતોમાં, નિર્જીવ ગણાતા પત્થરના કડાકા કે ધરતીકંપના વિસ્ફોટના અવાજ એ બધા જ સંગીતના સૂરો છે

ગાંધીનગર, તા.૨૦

તારીખ ૨૧ જૂને દર વર્ષે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવે છે જેની ગાંધીનગરમાં પણ ભવ્ય ઉજવણી કરવામાં આવી છે ત્યારે તેની સાથે સાથે આજે વિશ્વ સંગીત દિવસ પણ છે. ગાંધીનગરમાં આ દિવસે જાણીતી સંસ્થા 'શિવરંજની' દ્વારા સંગીતમય કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવે છે. આપણા આ પાટનગરમાં એક સંગીત સર્કલ પણ આવેલું છે જે છે ગ-૨ નું સર્કલ.

સંગીત એ એક એવી કલા છે જે સીધી જ માણસના આત્મા સાથે જોડાય છે. યોગથી ઈન્દ્રિયો જાગૃત થતી હોવાનું મનાય છે અને તેનાથી શારિરીક રોગો નાશ પામે છે ત્યારે સંગીતમાં પણ એવા રાગ છે જેનાથી અનેક પ્રકારના રોગોની સારવાર થઈ શકે છે. સંગીતને પણ જો કહેવું હોય તો એક પ્રકારનો યોગ કહી શકાય. સંગીત દ્વારા ઘણી બધી બીમારીઓનો ઉપચાર પણ થવા લાગ્યો છે. વિજ્ઞાન પણ એવું સ્વીકારે છે કે દરરોજ લગભગ ૨૦ મિનિટ મનપસંદ સંગીત સાંભળવાથી ઘણાબધા રોગથી દૂર રહી શકાય છે.

માનવજીવનનો સંગીત સાથે ગહન સંબંધ છે. બાળપણથી ઘડપણ સુધી માનવી પર સંગીતનો વત્તો ઓછો પ્રભાવ રહેતો હોય છે. આપના જીવનમાં પણ સંગીતનું કોઈક સ્થાન હશે. આપે ક્યારેય વિચાર્યું છે કે આપના જીવનને સંગીત કેવી રીતે પ્રભાવિત કરે છે?

સંગીત સમગ્ર સૃષ્ટિમાં રેલાય છે. બ્રહ્માંડના ઉદભવ સાથે સંગીત સંલગ્ન હોવાની વાત તથ્ય પૂર્ણ છે. આપણે જેને ધ્વનિ તરંગ કહીએ છીએ, તે કંપનની નીપજ છે. અર્વાચીન વિજ્ઞાન કહે છે કે તમામ પદાર્થોના અણુ પરમાણુ કંપન પામે છે. અમુક તરંગલંબાઈ ધરાવતા કંપનોને આપણે ધ્વનિરૂપે સાંભળી શકીએ છીએ. સજીવોની શ્રવણશક્તિ ભિન્ન ભિન્ન છે પ્રકૃતિમાં આપ સંગીતને અત્ર તત્ર સર્વત્ર માણી શકો! વહેતું ઝરણું, ઘૂઘવતો દરિયો કે અરણ્યની વનરાજિમાં ગૂંજતો વાયુ પણ સંગીત સર્જે છે ને? કુદરતના સૌંદર્યમાં સંગીત રણકે છે! આપણે સામાન્ય મનુષ્યના વ્યાવહારિક જીવનમાં સંગીતને ઉવેખી ન જ શકીએ. વાદ્ય સંગીત હોય કે કંઠ્ય સંગીત, ફિલ્મ સંગીત હોય કે ભક્તિ સંગીત, તેને હદયથી માણો તો આપના મન પર અસર તો થવાની જ. મધુર સંગીત મનના આવેગો ઠારે, પરમ શાંતિનો અનુભવ કરાવી શકે! સંગીત આપના ભાવવિશ્વને પરિવર્તિત કરી શકે! પ્રખર વક્તાની અસ્ખલિત વાણી પણ એક સંગીત છે જે આપણને પ્રભાવિત કરે છે. સંગીત જો આપણે ઊંડું વિચારીએ તો, વિશ્વનો વિસ્ફોટ સાથે ઉદ્દભવ થયો અને ૐના સૂર જાગ્યાને અવકાશ એ ૐ ના સુરથી સૂરમય થયું અને પૃથ્વીના ઉદ્દભવ સાથે શંકર ભગવાને ડમરૂના નાદથી રાગના સૂરો બતાવ્યા. જે આપણે પવનના સુસવાટા, વૃક્ષની ડાળીઓ , સાગરનાં સુસવાટા, પક્ષીઓનાં ગીતોમાં ,નિર્જીવ ગણાતા પત્થરના કડાકા કે ધરતીકંપના વિસ્ફોટના અવાજ એ બધા જ સંગીતના સૂરો છે ને માનવ જાતે એ સંગીતના સૂરોને રાગ તાલ ને લયમાં ગોઠવી તાલબદ્ધ સંગીત સર્જી જીવન સંગીતમય બનાવી દીધું છે. જીવનમાં શ્વાસે શ્વાસમાં આપણે સંગીત સાંભળી કે અનુભવી શકીએ !

ચાલો, આજે સંગીત પર સર્જન કરીએ. માનવ જીવનમાં સંગીતના મહત્વ વિશે વિચારીએ. જીવન પર સંગીતના પ્રભાવ વિશે વિચારો વ્યક્ત કરીએ. આવો! આજે 'સંગીત અને જીવન' વિષય પર મનપસંદ સર્જન કરીએ. ગાંધીનગર સમાચારમાં કેટલાક મહાનુભાવ, જાણીતા સંગીતકાર, લેખક, જાણીતા ગાયકનાં વિશ્વ સંગીત દિન નિમિતે પ્રતિભાવો રજુ કર્યા છે.



●●●

મ્યુઝિક વગાડવું, સાંભળવું એ એક એવી ક્રિયા છે જેની અસર સમગ્ર મગજ પર થાય છે જેથી ગમે તેવી પરિસ્થિતિમાં સંગીત સાંભળનારાને બધી જ જાતના સંગીત શરીરમાં હકારાત્મક સંવેદનો જગાડે છે અને તમારા વિચાર અને મૂડ પણ હકારાત્મક બનાવે છે.

**- કાનન પટેલ, એકેડેમીક કોઓર્ડીનેટર, સ્માર્ટ કીડઝ નર્સરી સ્કૂલ**



●●●

મારા માટે તો રોજ સંગીત દિન છે. મારી સવાર સંગીત સાથે શરૂ થાય છે. સંગીતથી આપણા જીવન પ્રત્યેનો અભિગમ બદલાઈ જાય છે. માનસિક શાંતિ મળે છે. સંગીતના રાગ કેટલાક રોગમાં રાહત આપે છે. મારા માટે સંગીત એ ભગવાનની પૂજા સમાન છે.

**- આરતી ભટ્ટ**

●●●

સંગીતની સાધના મારા માટે ખૂબ મહત્ત્વની છે. હું નાની હતી ૪ વર્ષ ની ત્યારે બોલતા શીખી તે પહેલાં ગાતા શીખી ત્યારથી મારા માતા પિતા ને ખબર પડી કે હું સૂરીલું ગાઉં છું એટલે મને ત્યારથી જ શાસ્ત્રીય સંગીતની તાલીમ માટે રાખી દીધી. દરરોજ હું એક કલાક શાસ્ત્રીય સંગીતની તાલીમ લેતી હતી એટલે જે બેઝ છે સંગીતનો એ પાવર ફૂલ થતો ગયો. આ નવરાત્રિમાં હું જે પરફોર્મ કરું છું એ પણ એક સાધના બરાબર છે નવ દિવસ માતાજીની આરાધના કરીએ છીએ ત્યારે મને આખા વર્ષની એનર્જી મળતી હોય એવું લાગે છે. સંગીત એટલે એક રિલેક્ષ અને રિફ્રેશ કરતી વસ્તુ છે આજના સ્ટ્રેસ વાળા જીવનમાં જ્યારે હું સ્ટેજ પર પરફોર્મન્સ કરતી હોય છું ત્યારે એ ૩ કલાકો મારા જીવનના શ્રેષ્ઠ કલાકો માના એક હોય છે જ્યારે હું દુનિયાની બધી બાબતો ભૂલી સુર અને તાલમાં એકદમ તલ્લીન થઈ જાઉં છુ એ એક ટાઈપનું મેડિટેશ જેવું ફીલ થતું હોય છે.



**- કૈરવી બૂચ, સિંગર**



●●●

સંગીત એ પોતાની જાત અને આત્મા સાથેનો એક અવર્ણનીય આનંદ છે. ગીતો ગાતી વખતે મનુષ્યના મગજનો પુરો ઉપયોગ થાય છે. સંગીત થી એક અદભુત પોઝીટીવીટીનો અનુભવ થાય છે.

**- નિતીન ઠાકર, એસબીઆઈ બેંક મેનેજર**

●●●



સંગીતની સાધના એજ મારા જીવનનું ધ્યેય છે આજે જે કાંઈ પણ છે એ સંગીત ના લીધે જ છે

સંગીત થી બધું જ મળ્યું છે નામ, કામ ને મનની શાંતિ મારા માટે સંગીત એ યોગ છે. શ્વાસ વગર ચાલે પણ સંગીત વગર ના ચાલે. સંગીત મારા માટે દુનિયા છે.

**- ઋત્વી પંડ્યા, સિંગર**

●●●

સા, રે, ગ, મ, પ, સાત સ્વરનો સૂર એટલે સંગીત. આરોહ અને અવરોહ...



જીવન પોતે જ એક સંગીત છે. આપણા શ્વાસની સરગમ આપણા જીવનને જીવંત રાખે છે. આપણી આજુબાજુ જોઈએ તો પવન, ઝરણા, પક્ષી, નદીઓ, સમંદર આ તમામ પોતાના એક સંગીતમય જીવન વ્યતીત કરતા હોય છે.

જેસે સુર બીના સંગીત ઐસે સાંસ બીના શરીર.

**- અંજના નિમાવત, વનશ્રી ટ્રસ્ટ, ગાંધીનગર**

●●●

મારું સંગીત મારો શ્વાસ મારો પ્રાણ. સંગીત વિનાનું જીવન અકલ્પનીય.



દિવસવની શરૂઆત ઓમકારથી, સંગીત સાધનાથી ન કરું તો એ દિવસ અધૂરો જણાય. કોઈ રાગની સાધના કરી હોય ત્યારે એમ લાગે જાણે સમસ્ત વિશ્વ સંગીતમય બની ગયું છે.

સંગીતના સાધનોનો સૌથી મોટો ફાયદો તમારું, મન હંમેશા પ્રફુલ્લિત રહે છે. સાથે શરીરમાં પણ સ્ફૂર્તિ આવે છે.

**- પલ્લવી પટેલ**

●●●

બાળપણથી જ સંગીતમાં રૂચિ હોવાથી ઘરના ડબ્બા ખખડાવીને



આનંદ લેતો તો કયારેક ઘરનું બારણું ખખડાવતો. સમય જતાં ઓકટોપેડ વગાડીને લાઈવ પ્રોગ્રામમાં પરફોર્મન્સ આપ્યું. ધીમે ધીમે રસરૂચિ વધતાં સાઉન્ડ સીસ્ટમ વસાવીને ભાડે આપવાનું શરૂ કરતાં આજે સારું એવું નામ ગુજરાતમાં થયું છે. જેનું નામ છે એ.આર.મ્યુઝિક. સંગીત મનને શાંતિ આપે છે. મુડ હળવો બનાવે છે અત્યારે મારા માર્ગે મારો દિકરો પણ ચાલી રહ્યો છે. તે પણ સરસ કી બોર્ડ વગાડી જાણે છે.

**- અનિલ પ્રજાપતિ**

## એસ. વી. સ્કૂલ ખાતે વાલી બેઠક યોજાઈ



ગાંધીનગર, તા.૨૦

શહેરની પ્રતિષ્ઠિત સંસ્થા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત એસ.વી.ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલમાં પ્રથમ વાલીમીટિંગ યોજાઈ હતી. શિક્ષિકાઓએ વાલીમિત્રોને સંસ્થા અને શાળા વિષે, શાળાની શિક્ષણ પ્રણાલી વિષે, શાળાની અન્ય પ્રવૃત્તિઓ વિષે તથા બાળકોના સર્વાંગી વિકાસ માટે શાળા દ્વારા કરવામાં આવતા અવનવા કાર્યક્રમો વિષે માહિતગાર કર્યા હતા. આ ઉપરાંત, બાળકોના જીવનઘડતરમાં પાયારૂપ અન્ય બાબતોનું માર્ગદર્શન પણ પૂરું પાડ્યું હતું. વાલીમિત્રોએ પણ શાળાના રમણીય અને શિષ્તબદ્ધ વાતાવરણ, સ્વછતા, શિક્ષિકાઓ દ્વારા લેવામાં આવતી અંગત કાળજી તથા શાળાના મેનેજમેંટ પ્રતિ સંતોષની લાગણી વ્યક્ત કરી હતી.

## કડી સર્વ વિશ્વવિદ્યાલયના યુવાનો રાજકોટ ખાતે રાષ્ટ્રીય યુવા શિબિરમાં જોડાયા



રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ ખાતે એક દિવસીય રાષ્ટ્રીય યુવા સંમેલનનું આયોજન કરાયું હતું. જેમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના વિવિધ શાખાના ૧૮ વિદ્યાર્થીઓ અને બે પ્રાધ્યાપકો ઉત્સાહભેર જોડાયા હતા. આ યુવા સંમેલનમાં દેશના પ્રથમ મહિલા આઈ.પી.એસ મેગ્નેટ એવોર્ડ વિજેતા ડોક્ટર કિરણ બેદી આત્મા શુદ્ધ આત્માશુદ્ધિનંદ, યુથ આઈકોન શરદ સાગર, જ્યોતિબેન થાનકી, ડો. વિક્રમસિંહ આઈપીએસ ઉપસ્થિત રહી હાજર વિદ્યાર્થીઓને વિવિધ દ્દષ્ટાંતો દ્વારા પ્રેરણા પૂરી પાડી હતી.

## આજે મહાનગર ભાજપ દ્વારા ૧૧ વોર્ડમાં યોગાભ્યાસ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૦

આંતરરાષ્ટ્રીય યોગ દિનના અનુસંધાને તા. ૨૧ જુન ૨૦૨૨ના રોજ મહાનગર ભાજપા દ્વારા યોગ નિષ્ણાંતોના સહયોગથી તમામ ૧૧ વોર્ડમાં યોગાભ્યાસનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સંગઠનના હોદ્દેદારો, ચૂંટાયેલા સભ્યો, કાર્યકર્તાઓ તેમજ સ્થાનિક નાગરિકો બહોળી સંખ્યામાં ભાગ લેશે.

આપણે સૌ વિદિત છીએ કે યુએન દ્વારા દર વર્ષે ૨૧ જુનને આંતરરાષ્ટ્રીય યોગ દિન તરીકે ઉજવવાનું જાહેર કરવામાં આવ્યું છે જેના અનુસંધાને સમગ્ર વિશ્વ ૨૦૧૫ થી ૨૧ જૂનના રોજ યોગ દિવસ ઉજવે છે. શરીરની માનસિક તેમજ શારીરિક તંદુરસ્તીને મજબૂત કરતા યોગ અને પ્રાણાયમને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી વૈશ્વિક ફલક પર લઈ ગયા છે, આજે વિશ્વના કરોડો નાગરિકો રોજિંદા જીવનમાં નિયમિતપણે યોગ કરવા તરફ વળ્યા છે અને તંદુરસ્ત બની રહ્યા છે.

## સ્વામિનારાયણ પોલિટેકનીક સે-૨૨ ખાતે યોગ નિદર્શન અને વાર્તાલાપ



શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિક, સેકટર-૨૨, ગાંધીનગર ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે આયુર્વેદિક હોસ્પિટલ સેક્ટર ૨૨ ના વૈદ્ય ડોક્ટર તેમજ યોગ પ્રશિક્ષક દ્વારા યોગનું મહત્વ તેમજ વિવિધ સત્કર્મ નિર્દેશન દ્વારા વિદ્યાર્થીઓને યોગથી જીવનમાં થતા ફાયદાઓ તેમજ શારીરિક સંવર્ધન વિશેની ખાસ માહિતી સેમિનારના માધ્યમથી આપવામાં આવી હતી. સંસ્થાના વિવિધ ટેકનિકલ શાખાના વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો ખૂબ જ મોટા પ્રમાણમાં આ કાર્યક્રમમાં જોડાયા અને યોગનું જીવનમાં વિશેષ મહત્વ છે અંગેની માહિતી ખાસ વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો દ્વારા મેળવવામાં આવી હતી.



ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના મતક્ષેત્રમાં મોટેરા ખાતે વેલજીભાઈના કુવાની ચાલી સાવરણી વાળી ગલીમાં પેવર બ્લોક નાખવાનાં ખાતમુહૂર્ત વિધિમાં ગાંધીનગર દક્ષિણ વિધાનસભાનાં ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોર, કોર્પોરેટર નિરજભાઈ ગજ્જર, ચેતનભાઈ પટેલ તથા ભાજપના અગ્રણી કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.